શ્રી

દેવી–પ્રભાવ

નાટકના ગાયનો તથા ટુંકસાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર :

રૂસ્તમજી અરદેશર બિરાદર.

સુર્ય પ્રકાશ થીએટર–સુરત.

આવૃત્તિ ૧લી]   સને ૧૯૨૩   [પ્રત ૧૦૦૦

મૂલ્ય ચાર આના.

સુરત, ખપાટીઆ ચકલા ઉપર આવેલા "સમાચાર" પ્રીન્ટીંગ પ્રેસમાં, બળવંતરાય રતનજી દેસાઈએ મેસર્સ વિદ્યાર્થી એન્ડ કું. તરફથી છાપી.

શ્રી

દેવી-પ્રભાવ.

ના ખેલનો ટુંકસાર.

અંક પહેલો.

મંગળાચરણ.

પ્રવેશ ૧લો—ચંપક પોતાની સખીઓ સાથે સ્કુલના બગીચામાં વિનોદ કરે છે ત્યાં ચુડામણીનું આવવું ને ચંપક પાસે પ્રેમની માંગણી કરવી, ચંપક તેનો તિરસ્કાર કરી ચાલી જવું, ચુડામણીનું આ અપમાનથી પોતાના દીલમાં વેર લેવાનો નિશ્ચય.

પ્રવેશ ૨જો—વિજયનગરના રાજાએ પોતાના પ્રધાનને બોલાવીને પોતાની પુત્રી ચંપકને વાસ્તે વર શોધવા ચુડામણીને મોકલવાનો નિશ્ચય.

પ્રવેશ ૩જો—ચુડામણી પોતાના દીલમાં ચંપકે અપમાન કરેલું તેનો બદલો લેવાના વિચારમાં બગીચામાં ફરવું તેટલામાં તેના પિતાનું ચંપક વાસ્તે વર શોધવા જવાનો હુકમ કરવો આ સાંભળી ચુડામણીનું ખુશી થવું.

પ્રવેશ ૪થો—જંગલની અંદર ચુડામણીનું છાવણી નાંખી પડવું ત્યાં છોકરાઓનું રમતા રમતા આવવું ને તંબુને જોઇને આશ્ચર્ય થવું તેટલામાં કાળીઆનું ભેંસો ચરાવતાં ચરાવતાં આવવુ ને છોકરાઓ સાથે ભળી જવું, છોકરાઓનું સતાવવું તેથી તેનું ઝાડ ઉપર ચડી જવું, તેટલામાં ચુડામણીનું આવવું ને છોકરાઓનું ડરીને નાશી જવું ને ચંપક વાસ્તે ગાંડો વર શોધવાના વિચારમાં ઝાડ ઉપર ચડેલા ગાંડા તરફ જોઇ તેને બેઠેલી ડાળી કાપતા જોઇ અચરજ થઇ તેને નીચે ઉતારી ગાંડો સમજી યોગ્ય વર જોઇને પોતા સાથે આવાની લાલચ આપી લઇ જવું.

પ્રવેશ ૫મો—કાળીઆનું તથા ચુડામણીનું આવવું ત્યાં રાજાએ વર જોઈ ખુશી થઇ આજેને આજેજ ચંપકના લગ્ન કરવાનો નિશ્ચય.

પ્રવેશ ૬ઠો—ચંપકના લગ્નની ખુશીમાં સખીઓએ ચંપક સાથે વિનોદ કરવો.

પ્રવેશ ૭મો:—કાળીઆને શયનગ્રહમાં એક દાશીએ લઇ જવો, કાળીઆનું આ રાજ વૈભવ જોઇ રાજી થવું, ને હેરાન થવું અને એક પલંગ ઉપર બ્હીતા બ્હીતા સુઇ જવું ત્યાં ચંપકનું આવવું ને પતિને જગાડીને મુરખપણાના દેખાવથી ચુડામણીને ધીક્કાર આપી અને મહાકાળીને વીનંતી કરીને નીરાશ થઇ ચાલી જવું. કાળીઆએ મહાકાળીનું નામ પોતાના હૃદયમાં સ્થાપી કાળીને રીઝવવા ને ડાહ્યા થવાની માંગણી કરવા જવું ત્યાં ચંપકનું સખીઓ સાથે આવી પોતાના પતીને ન જોવાથી પોતાના ઉપર ધિક્કાર આપી અને તે ગાંડા પતીની શોધમાં જોગણ થઇ જવું.

પ્રવેશ ૮મો—રાજાએ પોતાની પુત્રીના લગ્ન કર્યા તે આનંદનો વર્ણન કરે છે તેવામાં એક દાસીએ આવી ચંપક તથા કાળુભાના ગુમ થવાના સમાચાર કહેવા અને ચુડામણીનું કપટ જાહેર કરવું તે સાંભળી ચુડામણીને દેશનીકાલની સજા કરવી.

પ્રવેશ ૯મો—જંગલમાં કાળીઆનું આવવું ને ત્યાં ચુડામણીનું કાળીઆને જોઈ તેને મારી નાખવાના વિચારે કાળીના મંદીરે લઇ જવો ને આપઘાત કરવાની સલાહ આપવી કાળીઆનું કાળી પોકારતાં આપઘાત કરવાની તૈયારી તેટલામાં દેવી મહાકાળીનું પ્રસન્ન થવું અને કાળીઆને મહાકવી તરીકે પ્રસિધ્ધ થવા ભોજના દરબારમાં જવા કહેવું તેટલામાં ચંપક કલિકાનું જોગણના વેશમાં પતિ પતિ કરતાં આવવું અને દંપતિઓનો મેળાપ વિનોદ તે જોઇ વેર લેવા, ચુડામણીનું અદેખાઇમાં કાળીદાસ પહેલાં ભોજના દરબારમાં જવું.

અંક બીજો.

પ્રવેશ ૧લો—ચુડામણીનું ધારાનગરમાં એક વિલાસી નામની વસ્યાને ત્યાં ઉતરવું અને ભોજરાજાને મળવા માટે ફરેબની જાળ બીછાવીને વીલાસી તથા તેના આશક દેવીદાસ તથા વિલાસીની માને ઉંધું ચતુ સમજાવવા ઘરમાંથી વિદાય કરવા.

પ્રવેશ ૨જો—રસ્તામાં વિલાસી, દેવીદાસ, તથા વીલાસીની માનું ભેગા થઇ આપસમા તકરાર વાત ચીતનો ખુલાસો કરતાં ચુડામણીનો ફરેબ જાહેર પડવો તેટલામાં ચુડામણીનું ત્યાં આવવું ને ભેગા મળી તેને મારવો તેટલામાં આકોલાહલ જોઇ મહારાજા ભોજનું આવવું અને સર્વને શાંત કરી એક એકનો ખુલાશો પુછીને ચુડામણીને ઠપકો આપી પોતાને ત્યા નોકર રાખવો તથા રાજાના બોધથી સર્વ નુસુધરી જવું અને વેષ્યાએ પોતાનો ધંધો છોડી એક સાધવી થઇ જવું.

પ્રવેશ ૩જો—કાળીદાસ તથા ચંપકનું ધારાનગરની ધરમશાળામાં ઉતરવું તેટલામાં એક ટેલીઆ બ્રાહ્મણને આપઘાત કરતો જોઇ બચાવવો ને ટેલ નાખવાને માટે એક ગુંચવણી ભરેલો શ્લોક શીખવાડી વિદાય કરવો.

પ્રવેશ ૪થો—મહારાણી લીલાવતીનું બે દાસીઓ સાથે વાતચીત કરતાં નીકળવું અને પેલા ટેલીઆની ટેલ સાંભળી આશ્ચર્ય થવું પોતા તરફ અયોગ્ય વચનોની ટેલ સાંભળી તેના એ ગુના બદલ પકડીને દરબારમાં મોકલાવવો.

પ્રવેશ ૫મો—મહારાજા ભોજનો દરબાર ત્યાં ટેલીઆ બ્રાહ્મણ તથા કાળીદાસને પકડી લાવવા અને ટેલીઆને પુછીને તેની પાસે હકીકત મેળવી કાળીદાસને ટેલનો અર્થ પુછવો તેણે સરત કરવી કે આ ટેલમાં હું ખોટો પડું તો તમારી મરજી મુજબ શીક્ષા કરો છેવટે તેનો ખુલાશો કરવો તેથી મહારાજા ભોજનું ખુશી થવું અને તેને

મહાકવિ કાળીદાસના ઇલ્લકાબ્થી દરબારમાં રાખવા અને આ વાત જાણી ચુડામણીનું વેર રાખવું.

પ્રવેશ ૬ઠો—વીલાસીની ત્રણે દાસીઓની રમત અને વીલાસીનું કાળીદાસના પ્રેમમાં મસ્ત થઇને આવવું છોકરીઓનું સમજાવીને કાળીદાસને ત્યાં મોકલવી.

પ્રવેશ ૭મો—કવિ કાળીદાસ પોતાના ઘરમાં સુતા છે. તે વખતે મધરાતના સુમારે વિલાસીનું આવવું. કાળીદાસનું તેને જોઇ અચરત થવું અને તેની ગાંડાઇના હાલ જોઇને શીખામણ આપવી અને તે શીખામણથી વીલાસીનું સાધવી થઇ જવું. અને કાળીદાસને પોતાના ગુરૂ તરીકે માનવા,

પ્રવેશ ૮મો—મહારાજા ભોજનું શીકારે જવું અને તરસથી હેરાન થવું તેટલામાં ચુડામણી તથા કાળીદાસનું આવવુ કાળીદાસનું પાણી લેવા જવું પણ મહારાજા ભોજને પોતાની રાણીનું મુખ જોયા વગર ખાવું પીવું નહિ એવી પ્રતિજ્ઞા છે તેથી કાળીદાસ દેવી–પ્રભાવથી મહા-રાણીની છબી ઉતારી આપે છે મહારાજાનું છબી જોઇ ખુશી થવું અને ચુડામણીને છબી બતાવવી ચુડામણીનું છબી જોઇને કહેવું કે આ જાંગ પર લાખુ જોયું મને લાગે છે કે આ છુપી જગ્યાએ તલ છે તે ખબર કાળીદાસને ક્યાંથી હોય માટે રાણી અને કવી વચ્ચે કાંઇ પણ છુપો સંબંધ છે. એવો વહેમ રાજા ભોજને ઠસાવે છે તેથી રાજાનું પણ વહેમી થવું અને ગુસ્સે થઇ નગર તરફ આવવું.

પ્રવેશ ૯મો—ચુડામણીએ દાસીને લાલચ આપી રાજાને રાણી ઉપર વહેમ આવે એવો દેખાવ કરવાનું કહેવું તેથી દાસીએ રાજાને ખોટું સમજાવી કવી તથા રાણી ઉપર વહેમ લાવી કાળીદાસને ગરદન મારવાનો હુકમ.

અંક ત્રીજો.

પ્રવેશ ૧લો—વિલાસીનું ઘર, દાસીનું આવવું અને તેના ગુરૂને ગરદન મારવા લઇ ગયા તેવી ખબર આપવી. અને કવીને બચાવવા વિલાસીનું જવું.

પ્રવેશ ૨જો—જંગલમાં કાળીદાસને ગરદન મારવા લાવવા અને વિલાસીનું આવી ચંડાલોને લાલચ આપી પોતાના ગુરૂને છોડાવવા કાળીદાસ ચંડાલોને વચન આપે છે કે હું જીવતો રહીશ ત્યાં સુધી મહારાજાને મુખ બતાવીશ નહિ આ પ્રમાણે વચન આપી વિલાસીને ઘેર જવું.

પ્રવેશ ૩જો—દિવાનખાનામાં ભોજરાજા પોતાની રાણી વીષે વીચાર કરતાં બેઠાં છે ત્યા રાણીનું આવવું અને તેના પુછ્-વાથી રાજાએ ગુસ્સે થઇ કહેવું કે જો તું સતી હોય તો અગ્નિનો ગોળો હાથમાં લે તે પ્રમાણે રાણી સળ-ગતા ગોળો હાથમાં લઈ પોતે સાચી સતી છે તેની સાબીતી કરી આપવી તેવામાં કોટવાલનું દાસી તથા ચુડામણીને પકડીને આવવું અને ચુડામણીનું પોગળ ખુલ્લુ થતાં તેને તથા દાસીને દેશનિકાલની સજા, ચંપકનું આવવું અને રાજા પાસે કવીની માગણી કરવી ભોજે કહેવું કે મેં કવીને ચંડાળ પાસે મરાવા નાખ્યા છે તેથી ચંપક ચંડાલને બોલાવી તેની પાસેથી સાચી હકીકત જાણીને એક ઢંઢેરો પીટાવ્યો કે આ સમશાનો જે અર્થ કરશે તેણે રાજાભોજ તરફથી સારૂં ઇનામ મળશે.

પ્રવેશ ૪થો—દરબારમાં વીલાસીનું આવવું અને સમશા પુરી કરવી જેથી રાજાએ કહેવું કે વિલાસી આ જવાબ તારો નથી પણ કવિનો છે માટે કહે કવી કયાં છે હું અભય વચન આપું છું તેથી વીલાસીએ કહેવું કે મારે ઘેર છે તમે મારે ઘેર આવજો એટલે કવી મળશે.

પ્રવેશ ૫મો—વીલાસી તથા કાળીદાસ વાતો કરે છે તેવામાં ભોજ-
રાજા આવે છે. આ ખબર પડતાં કાળીદાસ પોતાના
વચનની ખાતર આપઘાત કરે છે આ જોઇ વીલાસી
પણ આપઘાત કરે છે, ત્યાં ભોજરાજા તથા નગર-
વાસીઓનું આવવું કવી તથા વીલાસીને મરેલા જોઈ
પોતે ઘણો પછતાય છે ને આપઘાત કરવા જાય છે.
તેવામાં મહાકાળીનું પ્રગટ થવું અને ભોજ પાશે અર્ધા
આયુષ્યની માગણી કરવી ભોજરાજા પોતાનું અર્ધું
આયુષ્ય આપે છે. તેથી દેવી-પ્રભાવથી બન્ને જણા
સજીવન થાય છે અને મહાકાળીનો જય મનાવે છે,

સમાપ્ત.

શ્રી

દેવી—પ્રભાવના ખેલના પાત્રો.

પુરૂષ પાત્રો.

સુત્રધાર—

ભોજરાજા—ધારાનગરીના મહારાજા.

કાળીદાશ—મુરખમાંથી દેવીના પ્રતાપથી બનેલો મહાકવિ.

રાજા—વિજયનગરના નરેશ

પ્રધાન—તેનો વજીર.

ચુડામણી—પ્રધાન પુત્ર.

દેવીદાસ—નગરશેઠ ને વિલાસીનો આશક.

ઉપરાંત—કોટવાળ, ચોપદાર, સિપાઇ, ટેલીઓ બ્રાહ્મણ,. છોકરાઓ, ચંડાળ વગેરે.

સ્ત્રી પાત્રો,

નટી—

બાળાઓ—

લીલાવતી—ભોજરાજાની પતિવ્રતા પત્ની.

ચંપકકાલકા—કાળીદાસની પતિવ્રતા પત્ની.

વિલાસી—ધારાનગરની વેશ્યા, પાછળથી સાધવી.

મોતી
મોંઘી
સુરેખા } વિલાસીની દાસીઓ.

ઉપરાંત—વારાંગનાઓ તથા દાસીઓ વગેરે.

૧૦૭૯૦

શ્રી

દેવી પ્રભાવ.

નાટકના ગાયનો

અંક પહેલો.

સુત્રધાર-નટીઓ— ૧

વંદુ ભારતી જનક જનની
શીશ ચરણુ તુજ માતા—વંદુ.
વેદરૂપ બીંદી ભાલ
જ્ઞાન કળા પુશ્પ માલ—વંદુ.
પુન્ય ધર્મ અમ ભુમી તું
સુરગણુ રૂશીવર નીવાસ
દીનમણી પ્રણુત પાલ—વંદુ.

કુલ નહીં કુલ પાંખડી વહાલ ભર્યા ઉદ્દેશ
અર્પીયે તુજ ચરણુમાં ઉજવળ કર અમ દેશ.

સુત્રધાર-નટીઓ-બાળા— ૨

આજ કોણુ વીશ્વય વિજય વરનાર છે
જે છે લક્ષ્મીનો યાર કે છે વીધ્યા વધનાર
વરે વીધ્યા વીજ્ય લક્ષ્મી હાર છે
શી છે આપો સાબીતી આધાર
ચોર ચોરને લુટારો લુટનાર છે
ખાતાં ખરચાય છે લક્ષ્મી જનાર

સુત્રધાર [જ] અને વીદ્યા
નટીઓ– ચોરા ચોરાયે જેમ લુટો લુટાયે તેમ
ખરચો ખરચાયે જેમ વીદ્યા વદનાર.

ચંપક ત્થા સખીઓ— ૩

સુમન સુગંન્ધીત સુરસ સુરંગીત રહ્યાં વીકશીતશા
વાગે જો
કલી કલી અલી અલી રમતાં ભમતાં ચુમતાં રસશાં
બાગે જો
સુણી મીઠડાં પંખી ગીતડાં હરણ ચીતશાં ભાગે જો
મંદ લહેરથી પવનની સખી શાંતિ ઝરણુ શીતશાં
વાગે જો
અતી અદભુત કુદરત કૃતીગતી કોઇ મહામતી
તેને ત્યાગે જો.

એ સખીઓ— ૪

જોને કેવો ખીલ્યો જોબનીયાનો બાગ છે
ખીલ્યા છે ગાલકે ખીલ્યા છે ગુલાબયે
લુટી જો પરાગળે છુટી કેશ નાગ છે ખીલ્યો—
હેમ સુધા રસ ભસે નેણુ સ્નેહ સરવર
કીકીજો સ્વચ્છે મચ્છ બરાબર
અખંડ અમ્રત જેને ભાગ્ય છે
નીર સંગાથે મીન મહાભાગ છે

ચંપક ત્થા સખીઓ ૫

મીઠી મીઠી આંબલીયાની ડાળરે કોયલડી ટહુકા કરે
સુણેના સાસુડીનો બાળરે સાદ તાણી તાણીને મરે
કોણ જાણેરે એનો વીરહણીનો વેશ
વીતી જાણેરે જેનો પીયુડા પરદેશ
ન રહે ભાન તેને લેશ ઘેલી ફરે છુટે કેશ–વીતી.

[સાખી]

જ્યાં મન સાથે મન મળ્યું ત્યાં તનમન ધન ડુલ
અંતરથી ઓળખાયેના પીતળલીના મુળ—વીતી.

[સાખી]

આ અંધારી રાતડી હું એકલડી નાર
નીંદ્રા ન આવે નયનમાં કયા પોઢયા ભરથાર
લખું કાગળ આંખના કાજળથી
છાટું કંકુના અશ્રુના જળથી
અરજી અબળા તણી સાંભળજો
વ્હાલી નંણદીના વીર વેલા વળજો—ન રહે.

ચુડામણી ૬

વખત પલટાય છે જ્યારે બધુ પલટાઇ જાયે છે
અનેછે રંકના એ ભુપ નૃપાળો રંક થાયે છે.
જમાનો તે ગયો જુનો હવે નવયુગ આવ્યો છે
ન મળતા ન્યાય પણ પુરા ગરીબો તો છુંદાય છે-વખત
નથી એ દોશ કોઇનો ખરેખર ખુબી કીસમતની
હતા જે ભક્ષ સીંહોના શીયાળો આજ થાય છે-વખત

ચંપક, સખીઓ ૭

જાઓ જાઓ છોડો છેડો ન છેડલો
કેડલો નાહી સતાવો
રસ પ્યાલા પીયો પાવો
સંગે પીયુની રંગે જોબનીયું માણી હૈયાને તમે લાવો

ચંપક–સખીઓ— ૮

વાહ શું ભભકો ઉભરાય થનગન થાય લોચનીયા
ઉજળાં શાં રૂપ પ્રકટાયાં
મનડાં મન માંહી મુઝાયાં

છલબલ છલકાતી કાય શું મુઝાયે મોહનીયાં—
અલીયો તજો તમ છેડ નહી મન ભાવે
નવલાં નવલાં તમ અંગ અજબ મોહાવે
હીઆ ધડક ધડક અતી થાય
ને હંસી જાયે જોબનીયાં—

ચંપક— ૯

હું તો પ્રેમની જોગણ પીયુને શોધવા ચાલી
શોધવા ચાલી પીયુને શોધવા ચાલી
રાજની ભોગણ બની શીરતાજની જોગણ—પીયુ.
પ્રેમની કફની ધરી જે પ્રેમની ઝોળી
અંગે ભભુતી પ્રેમની બસ પ્રેમની ચોળી
ધરૂં સાધના શણગારની કરૂં શામના દરશન
રટું કર માળા લઇ બસ પ્રીયતમ પ્રીયતમ—

ચંપક— ૧૦

ગીરવર હે ગીરીવર દે કંઇ પીયુની ભાળ
વાદળથી વાતો કરે કયાં છે મુજ ભરથાર

ચંપક— ૧૧

જામે જીત્ની બુધ હય ઇત્નો કહી બતાય
વાંકો બુરો નમાનીયે ઓર કહાંસે લાય—

ચંપક— ૧૨

લેશન લહેર પવનની વાયે તેમ ન પંખી જણાયે
એમ છતાં પણ કમળાયે ડાલે ચીત મારૂં ચકરાયે
હવે ધૈર્ય કેમ ધરૂં હવે તો માત આગળ મરૂ.

કાળીદાસ— ૧૩

પ્રથમ કમળ ડોલી કહે તુજને નથી પતી તુજ આ ઠામે
પછી ડોલી સમજાવે તુંજને જીવતો ભદ્રા પામે
પ્રાણ તુનાપર પ્યારી પ્રભુની છે ગાત ન્યારી

ચંપક, કાળીદાસ ૧૪

અલબેલા જાવો અળશોમા નવનવા ઘાટ ઘડશોમાં
પ્રીય જરીયે રીસ કરશોમાં અહી એકાંતછે ડરશોમાં
અરે આવો જુલમ છોડો છોડો પ્રીતમ કંઇ શરમ શરમ
એજી વાહ વાહ વાહ
સ્વામી છોગાળા પ્રીત કરી પરવશ કરનારા—જાવો.
મારી લાજ લાલ લોપાવો
અહી એકાંત છે તમે આવો
શીદ અબળાને તરસાવો
પ્રીય અધર સુધારસ પાવો
રઢીયાળા રણછોડ વહાલા
કરગરતી કરૂં કાલાવાલા
ચતુર જોયા ચાળા નહી સરશે સ્વારથ તમારા

અંક બીજો

વીલાસી ૧૫

સાંવરી સુરતપર જાઉં વારી વારીરે
ચાલ ચલત રૂમ ઝુમ મતવારીરે
નેહાં લગાકે મયેં પછતાઇ
પ્રાન પ્રીયા તોરી દેખી ચતુરાઇરે

વીલાસી ૧૬

જરા કહે દો સાંવરીયાંસે આયાકરે
આયા કરે મત જાયા કરે—જરા.
એ અંખીયા તોરે દરસકી પીયાસી
ઇન્કો.મત તરસાયા કરે—જરા.

[શેર]

મુજે અયયાર તેરા હીજ્ર અબ અયસા સતાતા હય
કે દુશમન ભી મેરે ઇસ હાલપે આંસુ બહાતા હય
અગર કુચ્છ મુંહસે કહેતી હું મજા ઉલ્ફતકાજાતા હય
અગર ખામોશ રહેતી હું કલેજા મુંહકો આતાહય

વીલાસી— ૧૭

રાજપુરનો રહેનારો આ થયો મુજ ઘેરે મહેમાન
મેં પણ રાખ્યો ખુશી થકી ધારી છે ધાર થકી અંજાણ
વાત ચીતમાં બેઠા ત્યાં બારીપર જઈ ને કહ્યું
ગજગજ મોટા પાન ભરી જો પેલી ગલીમાં ગાડુ ગયું

ભોજ(સ્વગત)—ઠીક ઠીક પછી
વીલાસી—હું પણ થઇ નાદાન ખરી કે જાણી ખરૂં એ
જોવા ગઇ.
પુછો તે પાછળ આ મારા શેઠ તણી કેવી ગત થઈ

ભોજ(ભા.)—ઠીક ઠીક તમો પુનમચંદ શેઠના પુત્ર કે વારૂ
તમારૂં શું થયું

દેવીદાસ—મેં આવીને પુછ કરી કે ભાઇ વીલાસી કયાં ગઇ છે
કહે મને કે ગઇ વિલાસી કોઈ પુરૂષ સંગે લઇને

ભોજ(ભા.)—વારૂં પછી

દેવીદાસ—ચડયો ક્રોધને પડો પાછળે પાછળ આવી વિલાસી

વીલાસી—કહે મને કે ગયા શેઠ તો કોઈ નારી સંગે નાસી
હું પણ થઇને રાતી માતી લીધી તેની પુઠ વળી
પાછળથી આ મારી માડી મંદીરથી ઘેર પાછી વળી

ભોજ(ભા.)—વળી એને પણ કાંઇ ફાળકામા ફેરવી છે કે શું

ડોસી(મા.)—અરે મહારાજ મારી તો કરી છે એવી કોઇ
નીચે નથી કરી

(ગાયન)—મને કહે કે રાજપુરથી અશુભ વાત એક આવી છે
તેથી કરવા અસ્નાન વીલાસી નદીપર સીધાવી છે
રાજપુર મુજ પતિ રહે છે મેં જાણ્યું કે એજ મુવા
તેથી સરવે કુટયાં પીટયાંને ફોગટ હાય ફજેત થયા.

બ્રાહ્મણ— ૧૮

થાશું થાશું અમે મોટા શેઠીયા
જાશું જાશું બની ઠની શેઠીયા
રસીલા શેઠીયા છબીલા શેઠીયા
રંગીલા શેઠીયા ઓહો—
ભટ ભટાણી જોઇ શેઠ આનંદમાં લેટીયા
ચાર ઘોડાની ગાડી ચલાવ ખસ ચોપાટિ.—થાશું

દરબારી ૧૯

ફરકો ધ્વજ ધર્મ કેરો ધારાધીપતી તણોતણુ ભુવને
નામો અરી નરવર તમ ચરણે સુખ તરણે—ફરકો.
દુરજનને પરહરતાં સજ્જન સંગરતા
ગુણીજનનાં ઘર ભરતાં ભોજ ભુપાળ
થાવો વીજય થાવો અક્ષય જામો રાજસને—ફ.

કાલીદાસ ૨૦

અશ્વની સદા તમ મંદિરે દિને દિને વૃધી થજો
પુનરવસુનો વાસ પણ તમ મંદિરે વૃધી થજો
રેવતી પતીનો ભાઇ ક્રશ્ન તણીજ સેવા ઉરહજો.
ક્રતીકાને કારતીક સ્વામી સમ પ્રરાક્રમીયે તમ થજો

વારાંગનાઓ— ૨૧

ગોરી ધેરે ચલો ગગરી ઢરક ન જાય
ઢરક નહી જાયે છલક નહી જાયે—ગોરી.
સીર પર ઘડા ઘડે પર ગાગર
એ તોરી પતલી કમર બલ ખાયે—ગોરી.
ચંદ્રવદન દોઉ નેયના રસીલે
દેખત જીયા લલચાયે—ગોરી ધીમે.

સુરેખા ૨૨

ગાજે ગાજે ગગન ઘમઘોર ચોમાસું આવ્યું રે
જાણે વાદળીયોનું જોર ચોમાસું આવ્યું રે
ગાજે મેઘ ને વીજળી થાય ચો....આવ્યું રે
મીઠાં વાયુ તણી લેરવાય ચો....આવ્યું રે
પડે જરમર જરમર નીર ચો....આ૦
ભરે નદી સરોવર તીર ચો....આ૦
કરે મોર કોયલ ટહુકાર ચો....આ૦
આખા જગમાં થયો અંધકાર ચો....આ૦

વીલાસી ૨૩

દીવાના દીલડા ડાયું જરી તુ થારે
મસ્તાના મનડા માની જરી સ્થીર થારે
કા નાહક મરવા બળી જાય પતંગ ધીરો થારે—દી.

[સાખી]

જે મુરત પર મોહીને તુ તરફડી મરે અહીંરે
તેને તારૂં સ્વપ્ન નહી મીઠી નીંદર મહી
એવી આશા તાણે ન તણાય રે—હી.

[સાખી]

દીવા ને દરકાર નહીં બળી બળી મરે પતંગ
એવો જીવડા જાણતુ જુઠો પ્રીતનો રંગ
એવા જુઠા રંગે ન રંગારે

મોંઘી ૨૪

સખી જેને મોહ મદીરા પીધો જાણે છતી આંખે અંધાપો લીધો
કર્મ આચાર ત્યાગી શર્મ વીચાર ત્યાગી ધર્મ આધાર
ત્યાગી દીધો
ત્યાગી જેને શાંન્તી સંતાપ માંગી લીધો—સખી.
વીદ્યા વીવેક ત્યાગી કુળની ટેક ત્યાગી
છેક આહાર ત્યાગી દીધો
ત્યાગી જેને ઉંઘ ઉજાગરો લીધો—સખી.

દાસી વીલાસી ૨૫

કેની એની શું જોઇ મોઈ બેઠી ખાઇને શુધ શાન તુ
બેઠી મેલી ઘેલી ખાન પાનતુ
મોહી કાયા ન જોઇ માયા ન જોઇ
અમારી વાતની તારે પંચાંત શી જા જીવ ખા ન તુ
ચાલ ચટકે મોહીછે શું કેહેની
મુખ મટકે મોહી છે શું બહેની
કેની એવા શા કારણ બની બે ભાનતુ મોહીકાયા નજોઇ
માયાન જોઈ અમારી વાતની તારે પંચાતશી
જા જીવ ખા ન તુ

વિલાસી ૨૬

મારી કરીને મોહબાણુ કળી કુડા કાતીલ થઈ આમ ન સતાવ
તારા પ્રેમની લગની લાગી મુને
કુડા કામની જ્વાળા જાગી મુને
જાગ જાગ બળું આગથી બચાવ કવી કુડા
કાતીલ થઈ આમ ન સતાવ

કાલિદાસ ૨૭

ખરેખર તુલસી સમગતી તારી
જાત જુદી પણ ભાત એ એક છે એહ પુરૂષ તુ નારી

(સાખી)

ગાંડો તે ગુણીકા પુંઠે તુ મારા પર જેમ
ત્યાં થઈતી ગત તે તણી તારી અહીં થઇ તેમ
તે અગનીને કુલ ગણી ધર્યાં હાથ મોઝાર
બની પ્રેમમાં અંધ તું. અવળો સજે શણગાર

(સાખી)

દ્રઢ વતી દ્રઢ પ્રેમ છે બેના એક સમાન
તુલસી સમતર તુ લઈ વેશ્યા વચન પ્રમાણ

અંક ત્રીજો.

વિલાસી— ૨૮

મુરખ મનવા તજ તોફાન રટતું એક નીરજન નામ
માત તાત સુત બાંધવ બેની માયા તણા ગુલામ—
હાય હાય કરી રડે હજારો કોઇ ન આવે કામ
બાગ બંગલા છોડી છેવટ જઇ વસવું સમશાન—

કાલીદાસ— ૨૯

ઘડીમાં તો પડી જાતો, સમયનો રંગ ન્યારો છે,
સમય સારો સીધાવ્યો ત્યાં, નહિ સંસાર તારો છે,
શરીર વાડી તણા પુષ્પો, ખીલી કરમાય છે ભાઇ
હતો આવ્યો ભરી મુઠી, હવે ખાલી જવાનો છે—ઘડીમ
સુખી આજે દુઃખી કાલે, હમેશાં એમ થવાનું,
કોઇ ચડશે કોઇ ખરસે, વીધીનો આંક ન્યારો છે—ઘડીમ

વિલાસી-કાળીદાસ— ૩૦

તોફાની દરીયે નાવ તમારૂં ગોથા ખાયરે
મસ્તાની દરીયે નાવ તમારૂં ગોથા ખાયરે
માયા પી સુતા શું મુરખ, જાગી કરો જટ સ્હાય
પાપી પવન ના, ખાય પછાડા ભાઠે જઇને ભરાય—
માહા સાગર તો માપી આવ્યાખાડે ખુંચી જાય
લખ ચૌરાસી ફેરા ફરીયા ફોગટ ફેરા ખાયરે—

વિલાસી— ૩૧

પરદેશી મુસાફર માર્ગ વિકટ છે ચેતી ચાલજોરે
આ દેશ તણી વસ્તી સઉ ઠગ છે ચેતી ચાલજોરે
માયા છે અહીની મહારાણી ચોર તણી પણ ચોર
મોહ મદીરા પાઇ બનાવે અંધ એ રાંડ નઠોર
યથા રાજા તથા રઇયત છે એક ચોર તો બીજો ઠગ છે
ઉપર તો ધોળા બગ છે પણ અંતર કાળા ઠગ છે—

સર્વે—　　　　૩૨

શ્રી દેવી કાલીકા ભોડભંજની ભકતાની
ભારતીમાં દુઃખ વાદળ હરી લે લે લે—શ્રી.
આદ્ય શકતી તમ માત કહાવે
વીજ્ય થયો અમ દેવી પ્રભાવે
માત અભય વર દે દે દે.

સમાપ્ત